THOU must accomplish the work of transfiguration, Thou must teach us the path to be followed and Thou must give us the power to follow it to the very end. . . .

O Thou source of all love and all light, Thou whom we cannot know in Thyself but can manifest ever more completely and perfectly, Thou whom we cannot conceive but can approach in profound silence, to complete Thy incommensurable boons Thou must come to our help until we have gained Thy victory.

… … …

- The Mother

**પ્ર**ભુ, આ પૂર્ણ પરિવર્તનનું કાર્ય તો તારે જ સિદ્ધ કરી આપવાનું છે, એ માટે કયો માર્ગ લેવો તે તારે જ અમને બતલાવવાનો છે અને એ માર્ગને અંત સુધી પાર કરવાની શક્તિ પણ તારે જ આપવાની છે ...

**પ્ર**ભુ, સારાયે પ્રેમનું અને પ્રકાશનું મૂળ એક તું જ છે. અમે તને તારા મૂળ સ્વરૂપે તો જાણી શકતા નથી પરંતુ વધુ ને વધુ પૂર્ણ રીતે અને સંપૂર્ણ ભાવે તારો આવિર્ભાવ કરી શકીએ છીએ; વિચાર વડે તો અમે તારી પાસે આવી શકતા નથી, પરંતુ એક ગહન નીરવતામાં અમે તારી સમીપ પહોંચી શકીએ છીએ. તેં અમને જે અનંત વરદાન આપેલાં છે તેમને પૂર્ણ કરવાને માટે તારે જ અમારી મદદે આવવાનું છે અને અમે તારો વિજય મેળવી શકીએ ત્યાં સુધી અમારી સહાયમાં રહેવાનું છે.

… … …

- શ્રી માતાજી

Prayers and Meditations : June 20, 1914

પ્રાર્થનાઓ અને ધ્યાન : ૨૦ જૂન ૧૯૧૪

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦● July 2020
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2020
JULY

## Valiant Warriors for transfiguration

## પૂર્ણ પરિવર્તન માટે બહાદુર યોદ્ધાઓ




**We** aspire to be the valiant warriors of the Lord so that His glory may manifest upon the earth.

With my blessings

30 September 1954 - The Mother

**અ**મારી અભીપ્સા છે પ્રભુના બહાદુર યોદ્ધાઓ બનવાની, જેથી એમની દિવ્યતા પૃથ્વી ઉપર આવિર્ભૂત થાય.

મારા આશીર્વાદ સાથે

૩૦ સપ્ટેમ્બર ૧૯૫૪ - શ્રી માતાજી

ALL that has been conceived and realised so far is mediocre, banal, insufficient beside what ought to be. The perfections of the past no longer have any force now. A new puissance is needed to transform the new powers and to subject them to Thy divine will. “Ask and this shall be”, is Thy constant answer. And now, O Lord, Thou must create in this being a constant aspiration, uninterrupted, intense, passionate, in an immutable serenity. Silence, peace are there: there must also be the persistence of the intensity. Oh, Thy heart sings a hallelujah of gladness as if what Thou willest were on the way to its fulfilment. . . . Destroy all these elements, that from their ashes may emerge new elements adapted to the new manifestation.

… … …

- The Mother

**અ**ત્યાર સુધી જગતમાં જે જે કાંઈ વિચારાયું છે અને સિદ્ધ થયું છે તે બધું જ જગતમાં જે જે વસ્તુઓ સિદ્ધ થવાની જરૂર છે તેની સરખામણીમાં અત્યંત સાધારણ કોટિનું છે, સામાન્ય છે, અપૂર્ણ છે. ભૂતકાળમાં જે જે પૂર્ણતાઓ સિદ્ધ થયેલી હતી તેમાં અત્યારે હવે કશી શક્તિ રહેલી નથી. જગતમાં જે નવાં નવાં બલો આવેલાં છે તેમનું રૂપાંતર કરવાને માટે, તેમને તારા દિવ્ય સંકલ્પને આધીન કરવા માટે એક નવા સામર્થ્યની જગતમાં જરૂર છે. અને તારા તરફથી સતત જવાબ મળતો રહે છે : “માગ અને તે થશે.” તો હવે, મારા પ્રભુ, હું માગું છું કે તારે મારી અંદર એક અવિચલ શાંતિમાં સ્થિર થયેલી એક અખંડ, અસ્ખલિત, તીવ્ર, ઉગ્ર અભીપ્સા સર્જી દેવાની છે. નીરવતા અને શાંતિ તો મારામાં આવેલાં જ છે, પરંતુ તીવ્રતા અખંડ રહેતી નથી તે થવાની જરૂર છે. ઓ, તારું હૃદય, તેં જેનો સંકલ્પ કર્યો છે તે વસ્તુ જાણે કે સિદ્ધ થઇ રહેલી છે તે જોતાં, આનંદનું એક મહાગાન ગુંજી ઊઠે છે ... આ બધાંય તત્વોને ભસ્મ થઈ જવા દો કે પછી એમની રાખમાંથી નવા આવિર્ભાવને અનુરૂપ નવાં તત્વો ઉદય પામે.

… … …

- શ્રી માતાજી

Prayers and Meditations : June 17, 1914

પ્રાર્થનાઓ અને ધ્યાન : ૧૭ જૂન ૧૯૧૪



ચિત્રકાર: શિવ પંડ્યા

## ઘણ ઉઠાવ

ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ, મારી ભુજા !
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભુજા !
અનંત થર માનવી હૃદય-ચિત્ત-કાર્યે ચઢ્યા
જડત્વ યુગ જીર્ણના, તું ધધડાવી  દે ઘાવ ત્યાં.

ધરા ધણધણે ભલે, થરથરે દિશા, વ્યોમમાં
પ્રકંપ પથરાય છો, ઉર ઉરે ઊઠે ભીતિનો
ભયાનક ઉછાળ છો, જગત જાવ ડૂલી ભલે,
પછાડ ઘણ, ઓ ભુજા ! ધમધમાવ સૃષ્ટિ બધી !

અહો યુગયુગાદિનાં પડ પરે પડો જે ચઢ્યાં
લગાવ, ઘણ ! ઘા, ત્રુટો તડતડાટ પાતાળ સૌ,
ધરાઉર દટાઈ મૂર્છિત પ્રચંડ જ્વાલાવલી
બહિર્ગત બની રહો વિલસી રૌદ્ર ફુત્કારથી.

તોડી ફોડી પુરાણું,
તાવી તાવી તૂટેલું,

ટીપી ટીપી બધું તે અવલનવલ ત્યાં અર્પવા ઘાટ એને,
ઝીંકી રહે ઘા, ભુજા ઓ, લઈ ઘણ, જગને ઘા થકી ઘાટ દે ને !

- સુન્દરમ્

૬ જૂન, ૧૯૩૪